કેસ મળ્યા તારીખ :૧૮-૦૫-૨૦૨૬
કેસ ફેસલ થયા તારીખ :૦૧-૦૬-૨૦૨૬
સમયગાળો : દિવસ માસ વર્ષ
૧૫ ૦૦ ૦૦

**<u>દાહોદ જીલ્લાના મહે. સેશન્સ જજ( શ્રી એચ.જી.વાઘેલા) સા.ની કોર્ટમા</u>**

મુ. દાહોદ

ક્રિમી. રીવી. અરજી નં. ૧૧૭ /૨૦૨૬

આંક: ૫

**<u>અરજદાર</u>** :- રાજુભાઇ નગરસીહ મોહનીયા
રહે.સજોઇ, દેવ ફળીયા
તા.ધાનપુર,જી. દાહોદ

વિરૂધ્ધ

**<u>સામાવાળા</u>** :- શ્રી સરકાર

**<u>બાબત</u>** :- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૩૮ મુજબ રીવીઝન અરજી

---

અરજદાર તરફે વિ.વ.શ્રી ડી.જી.ભુરીયા
સામાવાળા તરફે વિ. ઇ.ચા ડી.જી.પી. શ્રી એ.કે.પરીખ

---

:: જ જ મે ન્ટ ::

(૧) આ કામના અરજદાર ધ્વારા હાલની આ રીવીઝન અરજી દાહોદ ના વિ. બીજા એડી.ચીફ જયુડી. મેજી. નાઓએ દાહોદ રૂરલ પો.સ્ટે. પાર્ટ. સી. ગુના રજી. નં.૧૧૮૨૧૦૦૮૨૬૦૫૩૫/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ ૬૫(ઈ), ૯૮(૨),૧૧૬(બી) મુજબના ગુનાના કામે અરજદાર ની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ મુજબ મુદ્દામાલ મારૂતી સુઝુકી કંપનીની સ્વીફ્ટ ગાડી નં. જી.જે.૦૬.આરઈ. ૨૩૬૫ પરત મેળવવાની મુદ્દામાલ અરજી તા. ૦૮-૦૫ -૨૦૨૬ ના રોજ નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે હુકમથી નારાજ અને વ્યથિત થઇ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજીની ટુંકમા વિગત એવી છે કે, દાહોદ ના વિ. બીજા એડી.ચીફ જયુડી. મેજી.એ દાહોદ રૂરલ પો.સ્ટે. પાર્ટ. સી. ગુના રજી. નં.૧૧૮૨૧૦૦૮૨૬૦૫૩૫/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ ૬૫(ઈ), ૯૮(૨),૧૧૬(બી) મુજબના ગુનાના કામે અરજદારની મુદ્દામાલ સ્વીફ્ટ કાર પરત મેળવવાની અરજી તા. ૦૮-૦૫-૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ છે તે હુકમ રદ ઠરાવવા હાલની રીવીઝન અરજી દાખલ કરવાની જરૂરીયાત ઉભી થતા હાલની આ રીવીઝન અરજી દાખલ કરેલ છે. અરજદારને અરજીની વિગતે જણાવેલ છે કે, વિ. નીચેની કોર્ટે તેમની મુદ્દામાલ પરત મેળવવાની અરજી નામંજુર કરતો હુકમ કુદરતી ન્યાયના સિધ્ધાંતો ધ્યાને લીધા વગર કરેલો છે અને આ હુકમ ભુલ ભરેલો અને અન્યાયકર્તા છે. વધુમા અરજદારે જણાવેલ છે કે, ના. નીચેની કોર્ટનો હુકમ ગેરકાયદેસરનો, ન્યાયના હિતના સિધ્ધાંતો અને કાયદા વિરૂધ્ધનો હોઇ રદ થવા પાત્ર છે.

(૩) અરજદારે પોતાની અરજીમા વધુમા જણાવેલ છે કે, ના.નીચેની કોર્ટે કરેલ વિવાદીત હુકમ ગેરકાયદેર, ગેરબંધારણીય, કુદરતી ન્યાયના

સિધ્ધાંતો વિરૂધ્ધનો તેમજ કાયદાકીય રીતે ટકી શકે તેમ નથી. ના. નીચેની અદાલતે મુળ અરજીના કામે જે હકીકતો લખેલ છે તેનુ યોગ્ય અર્થઘટન કરેલ નથી તેમજ અરજદાર ધ્વારા રજુ કરવામા આવેલ પુરાવાઓનુ યોગ્ય મૂલ્યાંકન કરવામા આવેલ નથી. અરજીના કારણોમા વધુમા જણાવેલ છે કે, મુદ્દામાલ તરીકે કબજે કરવામા આવેલ વાહન અરજદારની માલીકીનુ છે અને રોજીંદા વપરાશ માટેનુ તેમજ ઘરવપરાશ તેમજ આવવા જવા માટે ઉપયોગી છે. મુદ્દામાલ વાહનની જાળવણી માટે પોલીસ સ્ટેશનમા કોઇ વ્યવસ્થા નથી અને હાલ મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમા ખુલ્લામા પડી રહેલ છે. તે જોતા સદરહુ મુદ્દામાલ વાહન લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમા બિનવપરાશી હાલતમા પડી રહે તો તેના સ્પેર પાર્ટસ, ટયુબ, ટાયર ખરાબ થઇ જાય તેમ છે અને તેની મશીનરી કટાઇ જાય તમે છે. જેથી મુદ્દામાલવાળા વાહનને ખુબ જ નુકશાન થાય તેમ છે અને મુદ્દામાલ ભંગાર થઇ જાય તેમ છે.મુદ્દામાવાળુ વાહન અરજદારને પરત નહી સોપવાનુ કોઇ વ્યાજબી કારણ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહી હોવાછતાં વાદગ્રસ્ત હુકમ કરી નીચેની અદાલતે ગંભીર ભુલ કરેલ છે. વધુમા તેઓએ જણાવેલ છે કે, આ ગુનાના કેસનો નિકાલ આવતા ખુબ જ લાંબો સમય નિકળી જાય તેમ છે, તેવા સંજોગોમા મુદ્દામાલ લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમા ખુલ્લામા બિનવપરાશી હાલતમા પડી રહે તો દેખરેખ અને કાળજીના અભાવે વપરાશી હેતુ માટે નકામુ થઇ જાય અને અરજાદરને ઘણું મોટું નુકશાન થાય તેમ છે. વધુમા તેઓએ જણાવેલ છે કે ના. હાઈકોર્ટ તથા ના. સુપ્રીમ કોર્ટ ધ્વારા મુદ્દામાલ પરત સોપવાના વિવિધ ચુકાદાઓ આપવામા આવેલા છે તે ચુકાદાઓ ઉપર આધાર રાખી અરજદારને મુદ્દામાલવાળુ વાહન પરત સોપવાનો હુકમ કરવો જોઇતો હતો પરંતુ તેમ નહી કરી ના. નીચેની અદાલતે ગંભીર ભુલ કરેલ છે. જેથી ના. નીચેની અદાલતનો હુકમ રદ કરી અરજદારની હાલની આ રીવીઝન અરજી મંજુર કરી યોગ્ય શરતોને

આધીન મુદ્દામાલ વાહનની વચગાળાની કસ્ટડી અરજદારને સોપી આપવાનો હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૪) આ કામના સામાવાળા તરફે વિ. ઇ.ચા. ડી.જી.પી. શ્રી એ.કે.પરીખ હાજર થયેલા છે.પરંતુ તેમના ધ્વારા હાલની રીવીઝન અરજી નો કોઇ લેખીત જવાબ રજુ કરવામા આવેલ નથી.

(૫) ઉપરોકત હકીકતે મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થીત થાય છે.

**(૧)** શું અરજદાર એ હકીકત પુરવાર કરે છે કે, દાહોદ ના વિ. બીજા એડી.ચીફ જયુડી. મેજી.એ દાહોદ રૂરલ પો.સ્ટે. પાર્ટ. સી. ગુના રજી. નં.૧૧૮૨૧૦૦૮૨૬૦૫૩૫/૨૦૨૬ મુજબના ગુનાના કામે અરજદારની માલીકીની સ્વીફ્ટ કાર નં. જી.જે.૦૬.આરઇ.૨૩૬૫ પરત મેળવવાની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ મુજબની મુદ્દામાલ અરજી તા.૦૮-૦૫-૨૦૨૬ ના રોજ નામંજુર કરતો કરેલ હુકમ ગેરકાયદેસરનો અને અનિયમિતતાવાળો છે અને તેમા હસ્તક્ષેપ કરવાને પાત્ર થાય છે ?

**(૨)** શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે

(૧) નકારમા.

(૨) આખરી હુકમ મુજબ.

<u>**:: કા ર ણો ::**</u>

(૭) અરજદાર તરફે તેમના વિ.વ.શ્રી ડી.જી.ભુરીયાએ તેમની દલીલ કરતા જણાવેલ છે કે, હાલની રીવીઝન અરજી અરજદાર ધ્વારા

દાહોદ રૂરલ પો.સ્ટે. પાર્ટ. સી. ગુના રજી. નં.૧૧૮૨૧૦૦૮૨૬૦૫૩૫ /૨૦૨૬ મુજબના ગુનાના કામે તેમની માલીકીની સ્વીફટ કાર મુદ્દામાલ તરીકે કબજે લીધેલ હોય તે પરત મેળવવા માટે તેઓએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ મુજબની મુદ્દામાલ અરજી દાહોદ ના મહે.બીજા એડી. ચીફ જયુડી.મેજી શ્રીની કોર્ટમા દાખલ કરેલ તે અરજી ના. નીચેની અદાલત ધ્વારા કોઇપણ જાતના વ્યાજબી કારણો આપ્યા વગર અને કાયદાકીય જોગવાઇઓનુ યોગ્ય મૂલ્યાંકન કર્યા વગર નામંજુર કરેલ છે. મુદ્દામાલવાળુ વાહન અરજદારના રોજબરોજના કાર્યમા ખુબ જ ઉપયોગી છે, લાંબા સમય સુધી પોલીસ સ્ટેશનમા ખુલ્લામા પડી રહે તો તેના સ્પેર પાર્ટસ ખરાબ થઇ જાય તેમ છે જેથી ખુબ જ મોટુ નુકશાન થાય તેમ છે. અરજદાર ના. કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તથા શરતો પાળવા તૈયાર હોઇ મુદ્દામાલવાળુ વાહનનો વચગાળાનો કબજે અરજદારને સોપવા વિનંતી કરેલ છે.

(૮) સામાવાળા શ્રી સરકાર તરફે વિ.ઇ.ચા. એ.પી.પી. શ્રી એ.કે.પરીખે રીવીઝન અરજીનો વિરોધ કરતા એવી રજુઆત કરેલ છે કે, અરજદારનુ આ મુદ્દામાલવાળા વાહનમા પ્રતિબંધીત ઇગ્લીશ દારૂની હેરાફેરીમા ઉપયોગમા લેવાયેલ છે અને આ વાહનમાથી જે પ્રતિબંધીત ઇગ્લીશ દારૂ કબજે કરવામા આવેલ છે તેની માત્રા ૨૦ લીટર કરતા વધુ રહેલી છે તે તમામ હકીકત ધ્યાને લઇ ના. નીચેની અદાલતે અરજદારની મુદ્દામાલ અરજી નામંજુર કરતો જે હુકમ કરેલ છે તે વ્યાજબી,ન્યાયી અને કાયદેસરનો હોઇ તેમા કોઇ હસ્તક્ષેપ કરવાને કારણ રહેતુ ના હોઇ અરજદારની હાલની આ રીવીઝન અરજી નામંજુર કરવા વિનંતી કરી છે.

(૯) કાયદાની કલમ ૪૩૮ ની જોગવાઇ, હેતુ અને વ્યાપ ધ્યાને લેતાં જણાયછે કે, આ અદાલતને માત્ર સવાલવાળા હુકમની શુધ્ધતાં, કાયદેસરતા, ઔચિત્ય અને કાર્યવાહીની નિયમિતતાની ચોકસાઇ

કરવાની જ સત્તા રહેલી છે.નીચેની અદાલત ધ્વારા જે પ્રક્રિયા અપનાવવામા આવી હોય તે યોગ્ય છે કે કેમ તથા જે કોઇ ઇન્સાફી કાર્યવાહી નીચેની અદાલત ધ્વારા ચલાવવામાં આવેલી હોય તેમાં કોઇ અનિયમિતતા ન આવે અને તેનો અમલ ચુસ્તપણે થાય તેની ખાત્રી માટે રીવીઝનની સત્તાનો ઉપયોગ કરવો તે આ કલમનો હાર્દ રહેલો છે. આ કલમની જોગવાઇમાં હુકમની કાયદેસરતના ચકાસવાની પણ જોગવાઇ કરવામા આવેલ છે. જયારે કોઇ નિર્ણય અથવા આદેશ કરવામાં આવે ત્યારે તે કાયદા મુજબનો હોય તે એક મૂળભૂત સિધ્ધાંત છે અને જો કાયદા મુજબ તેવો નિર્ણય જયારે થયેલ ન હોય ત્યારે જ રીવીઝનની સત્તા અદાલતને પ્રાપ્ત થાય છે. આ કલમમા ઔચિત્ય એવો શબ્દપ્રયોગ પણ કરવામાં આવેલ છે, જે મુજબ નીચેની અદાલત ધ્વારા કરવામા આવેલ આદેશ કે નિર્ણયમા કોઇ ભૂલ કે ક્ષતિ રહી જવા પામી છે કે કેમ અને પુરાવાના મૂલ્યાંકનમા કોઇ વિકૃત્તિ ન હોય તે જોવાની સત્તા આ કલમ અંતર્ગત રહેલી છે. આમ, કાયદાની કલમ ૪૩૮ ની જોગવાઇનુ વિશ્લેષણ કરતા સ્પષ્ટ થાય છે કે, નીચેની અદાલત ધ્વારા જે નિર્ણય કરવામાં આવ્યો હોય કે જે આદેશ કરવામા આવ્યો હોય તેની કાયદેસરતા તથા ઔચિત્ય અંગે રીવીજનમા નિર્ણય કરી શકાય. આ સંજોગોમા હાલની રીવીઝનના કામે જે સવાલવાળો વિ. ટ્રાયલ કોર્ટનો હુકમ છે તેની નિયમિતતા, તેના ઔચિત્ય, તેની શુધ્ધતાથી વ્યથિત થઇને અરજદાર ધ્વારા હાલની રીવીઝન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૩૮ને આધિન અરજીમા દર્શાવેલ કારણો સબબ કરવામાઆવેલ છે. આ સંજોગોમા કાયદાની કલમ ૪૩૮ની જોગવાઇ ધ્યાને લેવી અનિવાય રહેલી છે. કાયદાની આ જોગવાઇ અંતર્ગત ના. ઉચ્ચ અદાલત અથવા સેશન્સ જજ સમક્ષ તેની સ્થાનિક હકુમતમા આવેલી કોઇપણ અદાલતે આપેલા નિર્ણય અથવા આદેશની શુધ્ધતા, કાયદેસરતા, ઔચિત્ય અંગે અથવા નીચેની અદાલતની કોઇ કાર્યવાહીની નિયમિતતાની ચોકસાઇ કરવા માટે રીવીઝન થઇ શકેછે.

૧૦. આ તબકકે પ્રોહીબીશન એકટની કલમ ૯૮(૨),૯૯ ધ્યાને લેવી ખુબ જ જરૂરી થઇપડે છે જે નીચે મુજબ છે.

<u>**Section 98(2) of Prohibition Act reads as under**</u>:-

"Any receptacle, package or covering in which any of the articles liable to confiscation under sub-section (1) is found and the other contents of such receptacle, package or covering and the animals, carts, vessels or other conveyances used in carrying any such article shall likewise be liable to confiscation by the order of the Court[but it shall not be released on bond or surety till the final judgement of the Court where the quantity of the seized liquor is exceeding the quantity as may be prescribed by the rules]."

<u>**Section 99 of the Prohibition Act reads as under**</u>:-

99. Return of things liable to confiscation to bonafide owners:-

"When during the trial of a case for an offence under this Act the Court decides that anything is liable to confiscation under the foregoing section, the Court may, after hearing the person, if any, claiming any right thereto and the evidence, if any, which he produces in support of his claim, order confiscation, or in the case of any article other than an intoxicant, hemp, mhowra flowers or molasses give the owner an option to pay fine as the Court deems fit in lieu of confiscation:

Provided that no animal, cart, vessel, vehicle or other conveyance shall be confiscated if the owner thereof

satisfies the Court that he had exercised due care in preventing the commission of the offence."

Rule 9 of The Gujarat Prohibition (Liquor Samples and Determination of Quantity Seized Liquor) Rules, 2012 as amended in 2019 reads as under :

**Seizure of vehicles when quantity more than ten liters.**

"Where the quantity of liquor seized is more than twenty liters in respect of any offence punishable under the Act, the vehicle or conveyance carrying such liquor shall be liable to be confiscated in accordance with the provisions of subsection (2) of section 98 of the Act."

In reported judgment in case of **Pareshkumar Brahmbhatt vs State of Gujarat of Hon'ble High Court of Gujarat passed in Special Criminal Application No. 8521/2017 and allied** matters, it is observed as under in para 51:

51. "I am unable to agree with the submission of Mr. A D. Shah, the learned Amicus Curiae that the Court should read into section 98(2) of the Act, 1949, the power of the Magistrate to release the vehicle in exercise of power under sections 451 or 457 of the Cr.P.C., as the case may be, otherwise section 99 of the Cr.P.C. would be rendered redundant. In my view, the entire purpose of the legislation would be defeated if any other literal construction was to be adopted. I am in agreement with the submission of Mr. Raju, the learned Amicus Curiae that the words "during the trial of a case" in section 99 of the Act, should not be construed as at any stage of the trial. In my view, Mr. Raju, the learned Amicus Curiae, is right

in submitting that Section 99 of the Act comes into play when the Court decides to pass an appropriate order as regards the disposal of the muddamal property under Section 452 of the Code of Criminal Procedure. Section 452 contemplates disposal of the property at the conclusion of the trial and says that when an inquiry or trial for any Criminal Court is concluded, the Court may make such order as it thinks fit for its disposal. This Section 452 refers to a stage when the trial is concluded. The word 'inquiry' in section 452 should be construed as one necessary for the disposal of the property i.e., confiscation, etc. The word "concluded" in section 452 means, in my opinion, "concluded after a full hearing with a final judgment for determination of the case against the accused". For, clearly an order under section 452 can be made only on the basis of the evidence recorded in the inquiry or trial and in accordance with the findings, the Magistrate may arrive at with material. Therefore, Section 99 comes into play on conclusion of the trial i.e. when the court decides to confiscate the vehicle. At the stage, the Court may conduct a formal inquiry and in such an inquiry, an opportunity has to be given to the person claiming the possession of the vehicle. At that stage, the proviso to section 99 comes into play. In accordance with the proviso, the owner may adduce necessary evidence to satisfy the Court that he had exercised due care in preventing the commission of the offence and although the accused persons may be held guilty and convicted, yet the vehicle involved in the commission of the offence may not

be confiscated. There is one more reason to take this view. In section 99, the words are "give the owner an option to pay fine as the Court deems fit in lieu of confiscation". The question of payment of fine would come only on conclusion of the trial and not at an earlier stage."

**<u>Moreover, it is held in the above decision at para 65 as under</u>** :

65. "My final conclusion is that section 98(2) of the Act, 1949 curtails the power of the Magistrate to order interim release of the seized vehicle under section 451 or 457 of the Cr.P.C., as the case may be. The Courts below will have no jurisdiction to order interim release pending the trial of the seized vehicle in connection with the offence under the Act, 1949, if the quantity of the liquor recovered exceeds 10 liters in quantity."

૧૧. ઉપરોકત મુજબની કાયદાકિય સ્થાપિત પ્રબંધો ધ્યાને લઈ દાહોદ ના વિ.બીજા એડી. ચીફ જયુડી. મેજી. ધ્વારા હાલના અરજદારની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ ૪૯૭ મુજબની મુદ્દામાલ અરજી નામંજુર કરતા હુકમનુ સુક્ષમતાપૂર્વક મૂલ્યાંકન કરતા જણાય છે કે, વિ. મેજીસ્ટ્રેટ ધ્વારા સદર મુદ્દામાલ અરજી નામંજુર કરતા હુકમમા યોગ્ય, વ્યાજબી અને ન્યાયીક કારણો આપેલા છે. રેકર્ડ ઉપર રહેલ સામગ્રી ધ્યાને લેતા એ હકીકત સ્વયં સ્પષ્ટ છે કે, આ ગુનાના કામે કબજે કરાયેલ પ્રતિબંધીત ભારતીય બનાવટના ઈંગ્લીશ દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ-૨૧૬ નો છે અને તેવા સંજોગોમા ગુજરાત નશાબંધી (દારૂનો નમૂનો અને જપ્ત કરેલ દારૂનો જથ્થો નકકી કરવા બાબત)ના નિયમો, ૨૦૧૨ના નિયમ-૯ મુજબ પ્રોહીબીશન એકટ મુજબ જપ્ત કરેલ દારૂની માત્રા ૨૦ લીટર કરતા વધુ રહેલી હોય ત્યારે આ દારૂ વહન કરતા વાહનને પ્રોહીબીશન એકટની કલમ

૯૮(૨) ની જોગવાઇ મુજબ  સરકાર દાખલ થવાને પાત્ર બનેછે અને ઉપરોકત રીતે હાલના કિસ્સામા કબજે કરાયેલ ઇગ્લીશ દારૂનો જથ્થો જે નિશંકપણે  ૨૦ લીટર કરતા વધુ  હોય  અને તેથી દારૂનો જથ્થો નિયમ-૯મા ગુજરાત સરકારશ્રી  ધ્વારા બહાર પાડવામા આવેલ સુધારા મુજબના જાહેરનામાં અનુસાર ૨૦ લીટરની માત્રા કરતા વધારે રહેલો હોઇ પ્રોહીબીશન એકટની કલમ ૯૮(૨) ની જોગવાઇ મુજબ આ મુદ્દામાલ વાહન સરકાર દાખલ થવાપાત્ર બનતુ હોવાનુ પ્રથમદર્શનીય નીચે  જણાઇ આવે છે. આ સંજોગોમા ફોજદારી કાર્યરિતિ સંહિતાની કલમ ૪૩૮ અન્વયે આ સવાલવાળા હુકમમા હસ્તક્ષેપ કરવા માટે કોઇ ન્યાયોચિત કારણ રહેલ ના હોય  તેથી વિ. મેજીસ્ટ્રેટશ્રીના સદર સવાલવાળો હુકમ યથાવત રાખી  ન્યાયના વિશાળ હિતમા હાલની આ ક્રિમીનલ રીવીઝન અરજી  નામંજુર  કરતો નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

<u>:: હુ ક મ ::</u>

અરજદારની હાલની ફોજદારી રીવીઝન અરજી આથી **નામંજુર** કરવામા આવે છે.

હુકમની એક નકલ વિ. ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

હુકમ આજ તા. ૦૧લી    માહે જુન સને ૨૦૨૬ના રોજ  ખુલ્લી અદાલતમા  વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ :૦૧-૦૬-૨૦૨૬
સ્થળ  : દાહોદ

**(હરીશચંન્દ્રસિંહ ગુલાબસિંહ વાઘેલા)**
સેશન્સ જજ
દાહોદ
જજ કોડ નં. જી.જે. ૦૦૫૯૦

*//C.H.B.//*